" Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફનં.                                                                                તા: ૧૦/૦૭/૨૦૧૮

તંત્રીશ્રી, ____________________                                                  સુરત

નીચેની પ્રેસનોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ

નિલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

**<u>ONGC હજીરા પ્લાન્ટમાં ટેકનીકલ આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા ખેડા જીલ્લાના ૨૯ ગામ લેઉવા પટેલ સમાજના બ્રેઈનડેડ દક્ષેશ પ્રવીણભાઈ પટેલના પરિવારે કિડની અને લિવરનું દાન કરી ત્રણ વ્યક્તિઓને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી.</u>**

નામ: દક્ષેશ પ્રવીણભાઈ પટેલ   ઉં. વ. ૩૧   બ્લડગ્રુપ: B-ve

ONGC હજીરા પ્લાન્ટમાં ટેકનીકલ આસીસ્ટન્ટ ગ્રેડ. ૩ (કેમેસ્ટ્રી) તરીકે ફરજ બજાવતા હતા.

રહેવાસી : એ-૧૦- ૩૪, ONGC કોલોની ફેસ- ૨, મગદલ્લા, સુરત.

મૂળ રહેવાસી : ગામ: સમાદરા તા. ખેડા જી. ખેડા

કૌટુંબિક વિગત: પિતા: પ્રવીણભાઈ ચંદુભાઈ પટેલ ઉં. વ.૫૭

નિવૃત જીવન

માતા: ઇન્દીરાબેન પ્રવીણભાઈ પટેલ ઉં. વ. ૫૬

પત્ની: પારુલ દક્ષેશ પટેલ ઉં.વ. ૩૧

પુત્ર: હેત દક્ષેશ પટેલ ઉં.વ. ૭

ONGC માં આવેલ કેન્દ્રીય વિદ્યાલય નં. ૩, ધોરણ ૭ માં અભ્યાસ કરે છે.

૨...

Nilesh Mandlewala, President, +91 98256 09922 | Sandeep Kumar, IRS, Vice President, +91 81307 81031 | Rakesh Jain, Hon. Secretary, +91 98241 10349 | Ramesh Malpani, Hon. Treasurer, +91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Toll Free No. : 1800 233 1944
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



બનાવની વિગત:

સોમવાર તા. ૨ જુલાઈના રોજ દક્ષેશ ONGC હજીરા પ્લાન્ટમાં આવેલ QPCL લેબોરેટરી (ક્વોલીટી એન્ડ પ્રોસેસ કંટ્રોલ લેબોરેટરી)માં ATF (એવીએશન ટર્બાઈન ફયુલ)ના ફિલ્ટરેશનની કામગીરી બજાવી રહ્યો હતો તે દરમ્યાન અકસ્માતે આગ લગતા દાઝી ગયો હતો તેથી તેને સારવાર માટે તાત્કાલિક ONGC કંપનીની એમ્બ્યુલન્સમાં સનસાઈન ગ્લોબલ હોસ્પિટલમાં ડૉ. દિવ્યાંગ ભટ્ટની સારવાર હેઠળ દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી. બુધવાર તા. ૪ જુલાઈના રોજ સવારે દક્ષેશે શ્વાસ લેવામાં તકલીફ પડતી હોવાની ફરિયાદ કરી હતી, ત્યારબાદ હૃદય બંધ થઇ જતા CPR આપીને તેના હૃદયને ફરી ધબકતું કરવામાં આવ્યું હતું.

શનિવાર તા. ૭ જુલાઈનાં રોજ ન્યુરોફીજીશ્યન ડૉ.રવિ વૈતયાની. ડૉ.અનિરુધ્ધ આપ્ટે અને ડૉ.પરેશ ઝાંઝમેરાએ દક્ષેશને બ્રેનડેડ જાહેર કર્યો.

સનસાઈન ગ્લોબલ હોસ્પિટલના ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ.અનુજ કલાર્કે ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી દક્ષેશના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઇફની ટીમે હોસ્પિટલ પહોંચી ડૉ. અનુજ કલાર્ક અને ONGC કર્મચારી સંગઠનના સેક્રેટરી દિપક પટેલની સાથે રહી દક્ષેશની પત્ની પારુલ, પિતા પ્રવીણભાઈ, માતા ઇન્દીરાબેન, સાળા વિમલભાઈ તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

સૌ પરિવારજનોએ જણાવ્યું કે અમારું સ્વજન બ્રેનડેડ થઇ ચુક્યું છે અને તેમનું મૃત્યુ નિશ્ચિત જ છે ત્યારે તેમનાં અંગોના દાન થકી અન્ય ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવું જીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની અને લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

3...

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an Initiative for organ donation



અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની અમદાવાદના રહેવાસી ચંદ્રવદન ભીખાલાલ શાહ ઉ.વ. ૫૬, જ્યારે બીજી કિડની અમદાવાદના રહેવાસી હર્ષદ ઝવેરભાઈ ચાંદપરા ઉ.વ. ૩૯માં અને લિવર અંજારના રહેવાસી સુનીલ રમેશચંદ્ર શેઠ ઉ.વ. ૫૦માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)માં ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં દક્ષેશની પત્ની પારુલ, માતા પિતા પ્રવીણભાઈ અને ઇન્દીરાબેન, સાળા વિમલભાઈ તેમજ પરિવારના અન્ય સભ્યો, ન્યુરોફીજીશ્યન ડૉ.અનિરૂધ્ધ આપ્ટે, ડૉ.પરેશ ઝાંઝમેરા, ડૉ.રવિ વૈતયાની, ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ.અનુજ ક્લાર્ક, સર્જન ડૉ.દિવ્યાંગ ભટ્ટ, ડૉ.કુણાલ પટેલ, સનસાઈન ગ્લોબલ હોસ્પિટલના સંચાલકો અને સ્ટાફ, ONGC કર્મચારી સંગઠનના સેક્રેટરી દિપક પટેલ તથા ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નિલેશ માંડલેવાલા, સેક્રેટરી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઇ, સુભાષ જોધાણી અને યોગેશ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો..

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નિલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૨૬૬ કિડની, ૧૦૮ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૭ હૃદય અને ૨૨૪ ચક્ષુઓના દાન મેળવીને ૬૧૮ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

**Nilesh Mandlewala**
President
+91 98736 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**